# ગાંધીનગરમાં પ્રજાસત્તાક દિવસની ઉજવણી



દિલ્હી પબ્લિક સ્કૂલ :૨૫૧ ફૂટ લાંબા ચિત્રોથી સ્વચ્છતા સાંકળ રચી - ઇન્ડિયા બુક ઓફ રેકર્ડ્સમાં સ્થાન



સ્કૂલ ઓફ અચિવર, કુડાસણ



મહાત્મા ગાંધી વિદ્યામંદિર



શેઠ એચ એમ સાર્વજનિક હાઈસ્કૂલ, સોજા




માઉન્ટ કાર્મેલ સ્કૂલ



મહર્ષિ અત્રિ વિદ્યાલય



ઈન્ડિયન ઈન્સ્ટીટ્યુટ ઓફ ટેકનોલોજી



અંધ શાળા




ઓમકાર ઈન્ટરનેશનલ સ્કૂલ, લેકાવાડા



સહજાનંદ સ્કૂલ ઓફ એચિવર, ચિલોડા




સંજય થોરાતનું નિવાસસ્થાન

## ગાંધી નિર્વાણ દિન

શું ગાંધીજીને મૃત્યુનો પૂર્વાભાસ થઈ ગયો હતો? કદાચ એમને લાગવા લાગ્યું હતું કે તેમની હત્યા થઈ શકે છે. મૃત્યુ પહેલાથી તેઓ સતત આ વિશે વાત કરવા લાગ્યા હતા. તેઓ ૭૯ વર્ષના થયા હતા અને દેશ આઝાદ થવાનો હતો. વિભાજન પણ નક્કી થઈ ગયું હતું. નોઆખલીમાં તોફાનો ભડકી રહ્યાં હતાં. ગાંધીજી ડરવા લાગ્યા હતાં કે જીવનભરની મહેનત પર પાણી ન ફરી જાય. તેમણે નોઆખલીમાં સહયોગી નિર્મલ બોસને કહ્યું,' હું નિસ્ફળ બનીને મરવા નહીં માંગતો, સફળ વ્યક્તિની છાપ છોડીને દુનિયામાંથી વિદાય લેવા માંગુ છું.'

'ધ લાઈફ એન્ડ ડેથ ઓફ મહાત્મા ગાંધી'ના લેખક રોબર્ટ પેને કહ્યું કે, 'હત્યાના એક મહિના પહેલા તેમણે ઘણીવાર મૃત્યુની વાતો કરી કે સહયોગીઓ પણ હેરાન થઈ ગયા હતાં. તેમણે એ પણ કહ્યું હતું કે તેમની હત્યા કોઈ હિંદુ જ કરશે કારણ કે મુસલમાનોને તેમની હત્યા કરીને કોઈ ફાયદો ન હતો.'



આઝાદી મળ્યા પછી જ્યારે દેશના બે ટુકડા પડી ગયા હતાં ત્યારે ફરીથી દેશમાં તોફાનો થઈ રહ્યાં હતાં. રોબર્ટ પેન લખે છે કે, સપનાઓમાં તે પોતાની જાતને આતંકી યુવાનોની ભીડમાં વચ્ચે પોતાને જોતા હતાં. એકવાર તેમણે સપનામાં બાને જોયો, તે તેમના જ રૂમમાં હતાં અને તેમને એકીટશે જોઈ રહ્યાં હતાં. ૯ જાન્યુઆરી ૧૯૪૮માં તેમણે કહ્યું કે, 'મારી ભગવાનને પ્રાથના છે કે મારી મૃત્યુ વીરતાપૂર્વક થાય, જો આવું થશે તો મારી જીત થશે.'

૧૩ જાન્યુઆરીના રોજ ગાંધીજીએ જીવનના અંતિમ ઉપવાસ શરૂ કર્યા હતાં. ત્યારે તે પોતાની સરખામણી એવા માણસ સાથે કરતાં હતાં જે માણસ અસાધ્ય બીમારીઓથી પીડાતી હોય. ધીરે ધીરે મૃત્યુ તરફ વધી રહ્યા હોય. તેઓ મરવા માટે જાણે તત્પર હોય તેવું રજૂ કરતાં હતાં. જાન્યુઆરીમાં સામાન્યરીતે દિલ્હીમાં ઘણી ઠંડી હોય છે. ત્યારે પણ તેમણે પોતાની પથારી બહાર બગીચામાં નખાવી દીધી હતી.

૧૭ જાન્યુઆરીએના રોજ તેમણે ઉપવાસ પુરા કર્યા. ત્યાર બાદ જ્યારે તે સવારે પ્રાર્થનાસભા કરી રહ્યાં હતાં ત્યારે અચાનક ત્યાં વિસ્ફોટ થયો. વિસ્ફોટથી ડરેલા મનુબેનને ગાંધીજીએ કહ્યું, તમે ત્યારે શું કરશો જ્યારે તમને કે મને કોઈ આવીને ગોળી મારી દેશે? ગાંધીજીને આભાસ થઈ ગયો હતો કે તેમને મારવાનો આ અસફળ પ્રયાસ હતો. આખો દિવસ તેમની સાથે રહેનારા બૃજલાલ ચાંદીવાલાએ કહ્યું કે હું જોતો હતો તેઓ દિવસેને દિવસે જીવન પ્રત્યેની રૂચિ ગુમાવી રહ્યાં હતાં.

૨૨ જાન્યુઆરીના રોજ મનુબેનને ગાંધીજીએ તેમની પાસે બેસાડ્યા અને કહ્યું , મારી ઈચ્છા છે કે હું હત્યારાઓની ગોળીઓ ઝીલતો તારા ખોળામાં મરું, મારા મુખમાંથી રામ રામનો જાપ થઈ રહ્યો હોય અને ચહેરા પર મુસ્કાન હોય. ગાંધીજીની હત્યા થઈ ત્યારે આવું જ બન્યું જેવું તે ઈચ્છતા હતાં.

નિધનના એક દિવસ પહેલાની રાત જ્યારે મનુબેન તેમના માથામાં મસાજ કરી રહી હતી ત્યારે ગાંધીજીએ ફરી મૃત્યુ વિશે વાત કરી. ગાંધીજીએ ગંભીરતાથી તેમને કહ્યું કે 'જો હું કોઈ લાંબી બીમારી કે નાના અમથા વાગવાથી મરી જાવ તો તું આખા સંસારને મોટે મોટેથી કહેજે કે આ જુઠ્ઠો મહાત્મા હતો. જો પહેલા જેવો વિસ્ફોટ ફરી થાય અને મને કોઈ ગોળી મારી દે તો અને એની ગોળી મારી વસ્ત્ર વગરની છાતી પર વાગે તો અને મારા મોંમાંથી આહને બદલે રામ રામ નીકળે તો જ તમે સમજજો કે હું સાચ્ચો મહાત્મા છું.'

150 ગાંધીયાત્રા

મહાત્મા ગાંધીનાં જીવનનો અંતિમ દિવસ છેક દક્ષિણ આફ્રિકામાં તેમણે ઘડેલા નિત્યક્રમ મુજબ મળસ્કે ચાર વાગે પ્રભુપ્રાર્થનાથી શરૂ થયો હતો. બાપુ અને એમના અંતેવાસીઓએ એ દિવસે સવારે ભગવદ્ ગીતાના પહેલા અને બીજા શ્લોકનું પઠન કર્યું હતું. એ શ્લોકોનો સાર પણ ઘણો સૂચક છે.

"જન્મેલા માટે મૃત્યુ નિશ્ચિત છે અને મૃત્યુ પામેલા માટે જન્મ નિશ્ચિત છે, માટે આ અનિવાર્ય ઘટના ઉપર માનવીએ વિષાદ ન કરવો જોઈએ.''

માત્ર તેર કલાકના છેટે રહેલા કરાલ કાળનું જાણે કે પ્રથમ કહેણ હોય એમ એમની પ્રિય ગીતાના શ્લોકોનો ધ્વનિ વાતાવરણમાં પ્રસરી રહ્યો હતો.

સવારની પ્રાર્થના પૂરી થયે મનુબહેન ગાંધીજીને એમના બાજુના ઓરડામાં ટેકો આપી લઈ ગયાં. બાપુ એ દિવસોમાં પાકિસ્તાન જવાનું વિચારતા હતા, પરંતુ શરીરમાં એટલી અશક્તિ હતી કે એકથી બીજા ખંડમાં પણ કોઈના ટેકા વગર જઈ શકતા નહોતા. નાનકડા મેજ નજીક બેસીને તેમણે મનુબહેનને કહ્યું કે, 'મારે આજે આખો દિવસ ભજનની બે કડીનું રટણ કરવું છે. હે માનવ, તું થાક્યો હોય કે ન થાક્યો હોય તારે વિસામો લેવાનો નથી.' મનુબહેને પૂછયું, ''આ ભજન જ કેમ?'' પરંતુ બાપુએ જવાબ ન આપ્યો. કોને ખબર હતી કે એમના અનંત વિસામાને હવે થોડા કલાકનું જ અંતર છે.

બે કલાક પોતાના ડેસ્ટ પર કોંગ્રેસની નવી જવાબદારીઓના મુદ્દા પર કામ કર્યુ અને એ પહેલા કે બીજા લોકો ઉઠી જતા તેઓ છ વાગ્યે ફરી સૂવા જતા રહ્યા. કામ કરવા દરમિયાન તેઓ પોતાના સહયોગીઓ આભા અને મનુનુ બનાવેલ લીંબૂ અને મધનુ ગરમ પાણી અને ગળ્યુ લીંબુ પાણી પીતા રહ્યા. બીજીવાર સૂઈને તેઓ આઠ વાગ્યે ઉઠ્યા.

દિવસના છાપા પર નજર દોડાવી અને પછી બ્રજકૃષ્ણએ તેલથી તેમની માલિશ કરી. ન્હાયા પછી તેમણે બકરીનું દૂધ, બાફેલા શાક, ટામેટા અને મૂળા ખાધા અને સંતરાનુ જ્યુસ પણ પીધુ.

શહેરના બીજા ખૂણામાં જૂની દિલ્હી રેલવે સ્ટેશનના વેટિંગ રૂમમાં નાથૂરામ ગોડસે, નારાયણ આપ્ટે અને વિષ્ણુ કરકરે હજુ પણ ઉંઘી રહ્યા હતા. ડરબનના તેમના જૂના મિત્ર રુસ્તમ સોરાબજી સપરિવાર ગાંધીને મળવા આવ્યા. ત્યારબાદ રોજની જેમ તેઓ

દિલ્હીના મુસ્લિમ નેતાઓને મળ્યા. તેમને બોલ્યા, 'હું તમારા લોકોની મંજુરી વગર વર્ધા નથી જઈ શકતો'.

ગાંધીજીના નિકટના સુધીર ઘોષ અને તેમના સચિવ પ્યારેલાલે નેહરુ અને પટેલ વચ્ચે મતભેદો પર લંડન  ટાઈમ્સમાં છપાયેલ એક ટિપ્પણી પર તેમના વિચાર માંગ્યા. જેના જવાબમાં ગાંધીજીએ કહ્યુ કે તેઓ આ મામલો પટેલ સામે ઉઠાવશે જે ચાર વાગ્યે તેમને મળવા આવી રહ્યા છેઅને પછી તેઓ નેહરુ સાથે પણ વાત કરશે જેમની સાથે તેમની સાંજે સાત વાગ્યે મુલાકાત નક્કી થયેલ હતી.

બીજી બાજુ બિરલા હાઉસ માટે નીકળતા પહેલા નાથૂરામ ગોડસેએ કહ્યુ કે આજે તેમની ઈચ્છા મગફળી ખાવાની છે. આપ્ટે તેમના માટે મગફળી શોધવા નીકળ્યા પણ થોડી વાર પછી આવીને બોલ્યા - 'સમગ્ર દિલ્હીમાં ક્યાય પણ મગફળી નથી મળી રહી. શું કાજુ કે બદામથી કામ ચાલશે ?' પણ ગોડસેને ફક્ત મગફળી જ જોઈતી હતી. આપ્ટે પછી બહાર નીકળ્યા અને આ વખતે તેઓ મગફળીનું મોટું કવર લઈને આવ્યા. ગોડસે મગફળીઓ પર તૂટી પડ્યા. ત્યારે આપ્ટેએ કહ્યુ કે હવે નીકળવાનો સમય થઈ ગયો છે. ચાર વાગ્યે વલ્લભભાઈ પટેલ પોતાની પુત્રી મણીબેન સાથે ગાંધીને મળવા પહોંચ્યા અને પ્રાર્થનાના સમય મતલબ સાંજે પાંચ વાગ્યા પછી સુધી મંત્રણા કરતા રહ્યા. (ક્રમશઃ)